જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૫/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૫૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૪૪૬ ઈંગ્લીશ દારૂ, ૨૦૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫૫ બિયર ટીન. ૦૩ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૫૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૮૫૩/૨૦૨૩

**આનંદનગરઃ** રમેશભાઇ શંકરભાઇ યાદવ (ઉ.વ.૪૧)(રહે.હિલપાર્ક સોસાયટી, વિભાગ-૧, વ્રજવિહાર ઔડાના મકાનની બાજુમા, રેડીયોમીર્ચી રોડ, આનંદનગર) એ તા.૨૬/૦૫/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૩ ના કલાક ૨/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન રમેશભાઇના રહેણાંક મકાનના દરવાજાની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, લેડીઝ પર્સમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન નંગ-૨, રોકડ રૂપિયા ૪,૫૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.યુ.ટાપરીયા ચલાવે છે.

**નારોલઃ** લઇક મોહમદઅહેમદ શેખ (ઉ.વ.૨૭)(રહે, અલસબા સોસાયટી, બાગેકૌશર, નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૬/૦૫/૨૦૨૩ સવારના ૭/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૫૪/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** પ્રિયંકાબહેન વા/ઓ રાહુલભાઈ ભદોરીયા (ઉ.વ.૨૩)(રહે.શિરોમણીપાર્ક સોસાયટી સહજાનંદ સ્કુલ સામે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી “જી” ડીવીઝન નાઓ ચલાવે છે.

**નરોડાઃ** હંસરાજસિંહ રણજીતસિંહ ગેહલાત (ઉ.વ.૩૫)(રહે.જૈનવાડી નારાયણપાર્ક નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી